No. 22—Vol. LVI.

Friday,

13th June, 1958

Registered at the G.P.O. as a Newspaper

Price 4d.

INDIAN OPINION

ઇન્ડિયન

ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

પુસ્તક ૫૬ મું—અંક ૨૨ | તા. ૧૩ જુન, ૧૯૫૮. | છુટક નકલ પે. ૪

સત્યનાં દર્શન અહીંસા વગર થઇ જ ન શકે. તેથી જ કહ્યું છે કે અહીંસા પરમો ધર્મ.

—ગાંધીજી.

# આફ્રિકન મતને નેશનાલીસ્ટો ધ્યાન આપે છે

નેશનાલીસ્ટ છાપુ "ડી ફાડરલેન્ડ"ના ગયા અઠવાડીયાના અંકમાં લખ્યું છે કે, વધુને વધુ નેશનાલીસ્ટો આજે ઈલાયદાપણાની રાજનીતિની અસર બાબત વિચાર અને ચર્ચા કરી રહ્યા છે. પહેલાં આ સવાલનો વિચાર સરખો નહોતો કરાતો. એ વખતમાં તો ફક્ત ઈલાયદાપણાના સામાજીક ફાયદા તરફ જ ધ્યાન અપાતું.

આજે આફ્રિકાનું રાજનૈતિક વાતાવરણ એવું થઈ ગયું છે કે હવે એવો સવાલ નથી/રહ્યો કે આફ્રિકનોને મતનો હકક આપવો કે નહિ? પણ હવે તો આફ્રિકનો એ મતને કઇ રીતે વાપરી શકે એ બાબતો ઉપર વિચાર અને ચર્ચાઓ થઇ રહી છે થોડાક સમય પહેલાં સાબ્રાએ આજ સવાલ ઉપર ચર્ચા કરી હતી. પ્રોફેસર ઓલીવીયરનું કહેવું હતું કે યુનીયનને એક ફેડરેશનની જેમ બનાવવું જેમાં બીન-ગોરી સ્ટેટ હોય જેમાં આફ્રિકનો પુર્ણ સત્તા આપી હોય. ગયા અઠવાડીયામાં પોટચેસ્ટરૂમના પ્રોફેસર એલ. જે. ડયુપ્લસીસનું પણ એમ જ કહેવું હતું. અને ગયા રવીવારનું નેશનાલીસ્ટ છાપુ "ડાખ બ્રેક"એ પણ એને પુરેપુરો ટેકો આપ્યો હતો.

પણ રાજનૈતિક પુરૂષો હજુ આ બાબત ઉપર ઢચુપચુ રહે છે. એમેલોના ડાકટર હર્ટઝોખનું કહેવું છે કે આફ્રિકનોને પુર્ણ સત્તા આપવાની વાત કરવી એ ખતરનાક છે. મત આપવાનો હક એટલે કે રાજ્ય કરવાનો હક છે. પ્રજાસત્તાકનો કાયદેસર એ અર્થ થાય છે કે બહુમતિની સરકાર અને એનો અર્થ એ કે બહુમતિ શું કરી શકે એની કાંઇ હદ નથી. પણ નૈતિક રીતે બહુમતિ ઉપર એટલી બંધી છે કે તેઓ ફકત દેશના દરેક ભાગના હિતને માટેજ પગલાં લઇ શકે. અને દરેક ભાગલા-તરફ ન્યાયથી વર્તવાને માટે શિક્ષણ, સમજુતી અને રહેમીયત હોવી જોઇએ. આ છે મત આપવાના હકના મુળ પાયા. આજે કોઇ પણ એમ ન કહી શકે કે આફ્રિકનો અને ખાસ કરીને આફ્રિકનોની બહુમતિ એવી સ્થિતિમાં છે કે જ્યાં તેઓ ગોરા માણસ તરફ ન્યાયથી વરતી શકે. હરકયુલીસ પ્રીટોરીયાના નેશનાલીસ્ટ એમ. પી. પ્રોફેસર એ. આઈ. મલાનનું કહેવું હતું કે તેઓ એમ નથી માનતા કે સેળભેળમાં રંગના સવાલનો ઉકેલ થઇ શકે. જુદી રીતે વિકાસ કરવામાં જ રસ્તો રહેલો છે પણ આમાં અંતમાં તો સમાન હકના પાયા ઉપર આવી જ જવું પડશે. મારૂં ધારવું છે કે જ્યાં સુધી મતનો સવાલ આપણી સમક્ષ ન આવે ત્યાં સુધી એનો વિચાર જ ન કરવો. યુનાઇટેડ પાર્ટીના મંત્રી મી. જે એલ. હોરાક જેઓ સની સાઇડ–પ્રીટોરીયાના એમ. પી. છે તેમનું કહેવું છે કે, આ નવી વિચાર સરણી બીજા જનરલ ઇલેકશન પછી શરૂ થઇ છે. આ ઇલેકશનમાં ખાસ કરીને રંગભેદ અને બહુમતિની જીતના ભયથી જ નેશનાલીસ્ટોને વિજય મળેલો છે. યુનાઇટેડ પાર્ટીએ હંમેશાં આ સવાલનો ભાવનાને વશ થયા વગર વિચાર કર્યો છે. તેઓએ હંમેશાં આ સવાલ ઉપર ઘણો જ ગંભીર રીતે વિચાર કર્યો છે કારણ કે તેઓ જાણે છે આ એક ઘણોજ ખતરનાક સવાલ છે. અમારી આફ્રિકન પ્રત્યેની નીતિ છે કે, આફ્રિકનોએ રાજ સાશનમાં વધુ ભાગ ધરાવવો પણ એ શરતે કે તેઓ એ ભાગને માટે પોતાને લાયક ઠેરવે અને પોતાના વિભાગોમાં વધુ જવાબદારીથી કામ કરવા લાગે.

## રોડેશીયામાં ભાગીદારી

રોડેશીયાના ઈલેકશન પ્રત્યે રાજદ્વારી વિચારો ધરાવનારા આફ્રિકનોનું કહેવું છે કે, ઈલેકશન પછી આફ્રિકન નેશનલ કોંગ્રેસમાં ૫૪ નવા સભ્યોના એપ્લીકેશનો આવ્યાં છે. કોંગ્રેસના પ્રમુખ મી. જોસુઆ ઇન્કોમોનું કહેવું છે કે, યુનાઇટેડ રોડેશીયા પાર્ટીના સભ્ય મી. આર. એસ. ગાર્ફીલ્ડ ટોડની હાર ઉપરથી એમ જણાય છે કે, દક્ષિણ આફ્રિકાના રાજનૈતિક ઇતિહાસમાં એક નવું પ્રકરણ શરૂ થાય છે. એના ઉપરથી એમ જણાય છે કે દક્ષિણ રોડેશીયાના ગોરાઓ ભાગીદારી નીતિની સરકાર એમના દેશમાં રાખવા ઈચ્છે છે. એઓએ યુનાઇટેડ ફેડરલ પાર્ટીને એટલા માટે સાથ આપ્યો છે કે આ પાર્ટીની સરકાર હંમેશાં ભાગીદારીની નીતિથી ઇલાયદાપણાને પાળશે કે જેથી તેઓ બ્રીટીશ સરકારમાં "ડામીનીયન સ્ટેટસ" માગી શકે. ડામીનીયન સ્ટેટસ પછી એ તો નિશ્ચિત જ છે કે આ દેશમાં દક્ષિણ આફ્રિકાના જેવી સરકાર આવી જશે કદાચ એવું પણ બની શકે કે દક્ષિણ રોડેશીયા સાઉથ આફ્રિકાનો પાંચમો પ્રાંત બની જાય. આ દેશના ગોરા મતાધિકારોએ આફ્રિકનોની સાથે મળીને કામ કરવા માટે ચોખ્ખી નાઃ મરજી બતાવી છે અને એના ઉપરથી આફ્રિકનોને ખાતરી થાય છે કે એનું પોતાનું યુદ્ધ પોતાની મેળેજ લડવું પડશે. અમે એ થોડાક ગોરાઓનો સાથ આવકારશું કે જેઓએ મી. ટોડને મત આપ્યા હતા. પણ અમે એ લોકોની મિત્રતા નહિ માગીએ કે જેઓ અમને અમારી જ જન્મ ભુમિમાં માનવ તરીકે ઓળખવા નથી ઇચ્છતા. મી. ઇન્કોમોનુ કહેવું એવું પણ હતું કે આફ્રિકન નેશનલ કોંગ્રેસમાં વધુ સભ્યોની સંખ્યા જોઇને એમને આનંદ થાય છે એ દિવસો હવે ચાલ્યા ગયા છે જયારે આફ્રિકનો પોતાની સ્વતંત્રતા માટે ગોરાઓ તરફ નજર નાંખે. આજે આફ્રિકનોનું ભવિષ્ય એ લોકોના પોતાના જ હાથમાં છે.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૩ જુન, ૧૯૫૮.

## આફ્રીકન નેશનલ કોંગ્રેસ અને અમે

આ જ અંકમાં અમે આફ્રીકન નેશનલ કોંગ્રેસની નેશનલ વર્કીંગ કમીટી તરફથી આવેલો એક પત્ર જેની ઉપર મી. ડુમા નોકવેની સહી છે એ છાપ્યો છે. આ પત્રમાં તેઓએ એવી ઇચ્છા દર્શાવી છે કે, આ છાપામાં આફ્રિકન નેશનલ કોંગ્રેસની કાર્યવાહી વિષે વધુ માહીતી આપવી. અમને ખાત્રી છે કે આનો અર્થ એવો નથી થતો કે જો અમે મદદ કરવા ઇચ્છીએ તો એનો અર્થ એવો કરવામાં આવશે કે અમારે આફ્રિકન નેશનલ કોંગ્રેસ વિષે જે બધી માહીતી અહીં આવે તે છાપવીજ જોઇએ. આ વસ્તુની ચોખવટ કર્યા બાદ અમે તેઓને ખાત્રી આપવા ઇચ્છીએ છીએ કે અમે એમને જાહેરાત આપવા માટે હમેશાં ઉત્સુક છીએ.

અને જો છેલ્લા થોડા સમયમાં અમે જો એમના વિષે કાંઇ ખબરો ન છાપ્યા હોય તો એનું કારણ આફ્રિકન નેશનલ કોંગ્રેસ પોતેજ છે. તેઓએ એવું જાહેર કર્યું હતુ કે તેઓ શું વિચારે છે, અને શું કરે છે એ અમારા વાંચકોને જાણવાની જરૂર નથી. તો આજે એમના પત્ર ઉપરથી જો એવો અર્થ થાય કે તેઓ પોતાની નીતી બદલવા ઇચ્છે છે તો અમે એમને અમે મદદ કરવા બહુજ રાજી છીએ. અને આફ્રીકનોને દોરવાના કામમાં તથા આખા દેશને દોરવાના કામમાં અમે અમારૂં બનતું કરવાને તઇયાર છીએ મી. ડુમા નોકવેનું કહેવું ખરૂં છે કે આફ્રિકન નેશનલ કોંગ્રેસ બહુજ સંકટ ભરેલા સમય માં પસાર થઇ રહી છે અને બનવા જોગ છે કે આ સમય બહુજ ખરાબ છે. એવો સંભવ છે કે પ્રતિબંધો આવશે અને કાળા ગોરાઓને ઇલાયદાપણા ના કાયદા અને સરકારની સામે લડત ઉભી કરવા માટે એ લોકોને એકત્ર કરવાનું કામ એની સમક્ષ આવશે. આવા સમયમાં બધાજ પ્રજાસત્તાકવાદીઓએ સાથે ઉભા રહેવું જોઇએ. અમારા છાપામાં અમોએ હંમેશાં આવી એકતા માટે કહ્યું જ છે.

મી. નોકવે પોતાના પત્રમાં અમારી ટીકાના બારામાં લખે છે તો એ ટીકા એમની વિરૂદ્ધ ન હોતી પણ એમને વધુ બળ આપવા માટે હતી એમનુ કહેવું છે કે આ ટીકાઓ પાયા વગરની અને માહિતી વગરની હતી અમે આ વસ્તુનો વિરોધ કરીએ છીએ એનું કારણ એ છે કે એમણે પૂરી સાબિતી આપ્યા વિના આ વસ્તુ સૂચવી છે અમે એ. એન. સી.ની સાથે ચર્ચામાં ઉતરવા ઇચ્છતા નથી છતાં અમારૂ ધારવું છે કે મી. નોકવે જાહેરમાં એ સ્પષ્ટ કરે કે અમે ક્યારે અને ક્યા નિવેદન એવાં બહાર પાડ્યાં છે કે જે તેઓએ જાહેર કરેલા મુદ્દાને મળતા ન આવતા હોય. અમે કોઇ પણ વખત આફ્રિકન નેશનલ કોંગ્રેસને ખોટું સ્વરૂપ આપ્યું નથી. અને જો કોઇક વખત અમારી માહિતી મુદ્દાઓને અનુસાર ન હોય તો એમની ફરજ છે કે એ સમયે એઓ અમને સુધારો સૂચવે અમારૂં છાપું હંમેશાં એ. એન. સી.ને માટે ખુલ્લું હતુ અને છે એટલા માટે અમને આવા આરોપો આવા સમયમાં પસંદ નથી. આમ કહ્યા બાદ અમે આફ્રિકન નેશનલ કોંગ્રેસની નેશનલ વર્કીંગ કમીટીને ખાતરી આપવા માગીએ છીએ કે અમારાથી બનશે ત્યાં સુધી અમે એમનુ કાર્ય અમારા છાપા દ્વારા જાહેર કર્યા કરશું. અને અમે સાથે સાથે બીજા મતો અને ઘણી વાર મદદરૂપે ટીકાઓ પણ કરીશું. જેથી જાહેર સમાજને આફ્રિકન નેશનલ કોંગ્રેસનાં ધ્યેય અને આદર્શોની પુરેપુરી માહિતી રહે.

ચર્ચાપત્ર

## આફ્રીકન નેશનલ કોંગ્રેસ અને જાહેરાત

'ઇન્ડિયન ઓપીનીયન'ના અધિપતિ, મહેરબાન સાહેબ અમે વખતો વખત તમારા જાણીતા છાપામાં એ. એન. સી. ના બારામાં ઘણી ટીકાઓ વાંચી છે ઘણી વખત આ ટીકાઓમાં બહુ સત્ય નથી હોતું. એનું કારણ કદાચ એ હોય શકે કે અમારા વિષે તમને પુરી માહિતિ નહિ હોય. અમે એ નથી કહેવા ઇચ્છતા કે એ. એન. સી. બારામાં ટીકાઓ સાવ જ બંધ કરી નાખવી. પણ સાથે સાથે જ્યારે ટીકાઓ કરવામાં આવે છે ત્યારે એ. એન. સી.ની ચર્ચા અને નીતી વિગેરેની પુરી માહિતી મેળવવી જોઇએ કારણ એમ ન કરવાથી લોકોને એવો પ્રભાવ પડે છે કે એ. એન. સી. પોતાની ભૂલો અમર નાસીપાસી નથી સમજતા. એટલા માટે અમે તમને અરજ કરીએ છીએ કે તમે અમારાં નિવેદનો અને આફ્રીકન નેશનલ કોંગ્રેસે બહાર પાડેલા કોઈ પણ સમાચારોને જાહેરાત આપશો. દાખલા તરીકે નીચે આપેલા વિષયો ઉપર ખાસ ધ્યાન આપવું ઘટે. આફ્રીકનોના હક ઉપર સરકારનો હુમલો, ઇલાયદાપણાને વધુ જોરાવર બનાવવું, આફ્રીકન સ્ત્રીઓને પાસ રાખવા બાબત, સેકુકુની લેન્ડમાં ચાલી રહેલી અશાંતિ. આ અશાંતી ઉપરથી જણાય છે કે આ કોમી વિભાગમાં જે શાસન ચાલી રહ્યું છે એને લીધે બીજી જગ્યાઓમાં પણ અશાંતી ફેલાવાનો ભય છે.

આ ઇલેકશનમાં નેશનાલીસ્ટોનું ફરીથી આવવું, એનો અર્થ એ છે કે આફ્રીકન લોકો ઉપર વધુ સખતાઇ વાપરવામાં આવશે અને આને લીધે આફ્રીકનોનો સામનો પણ વધુ જોરાવર હોવો જોઇએ. આફ્રીકનોમાં અત્યારે એકતાની જરૂરીયાત છે ખાસ કરીને જ્યારે સામા આપણી સાથે વાટાઘાટ કરવાની યોજનાઓ ઘડે છે.

(સહી) ડી. નોકવે,
એ. એન. સી.

## બાન્ટુ બીઝનેસમેન માટે

આ દેશની ટાઉનશીપોમાં આફ્રિકન વેપારીઓને મદદ કરવા માટે જોહાનીસબર્ગનાં મોફોલો વીલેજમાં એક સંસ્થા સ્થાપવામાં આવી છે. આ સંસ્થામાં બધા બાન્ટુ વેપારીઓ પોતપોતાની નાની આવકો ભેગી કરી શકશે. આ સંસ્થાનું નામ છે. "ડી બાન્ટુ વીન્કલીયર્સ હેલ્પ મકાર." આ સંસ્થાના આદર્શો એ છે કે આફ્રિકન વેપારમાં સુધારા કરવા, સંસ્થાના વેપારી સભ્યોને પોતાનો વેપાર વધુ કુશળતાથી ચલાવવામાં મદદ આપવી, ખરીદી કરવામાં મદદ આપવી અને બેન્કમાં ઓવર ડ્રાફ્ટની સગવડ મેળવવા માટે મદદ આપવી, આ ઓવરડ્રાફ્ટ, ઇન્સ્યુરન્સ પોલીસી, પ્રોમીસરી નોટ, બીલ ઓફ એક્સ-ચેન્જ, બોન્ડ અને શેરો લેવાઈ શકાશે. સંસ્થામાં સભ્યો તરીકે મોટા વેપારીઓથી લઇને ટ્રેવલરો સુધીના પાંચ ભાગમાં જોડાઇ શકશે. એ સંસ્થાના હાલના પ્રમુખ મોફોલાના મી. ઇ. ચાબાલાલા છે.

## હીંદી દંપતિની કદર

ડરબનના મી. જેક નાયડુ અને તેમનાં પત્નિને ન્યુયોર્કની કાર્નેગી કોરપોરેશન તરફથી ૪૮૦૦ ડોલર (૧૭૦૦ પાઉંડ) નો પુરસ્કાર યુનાઇટેડ સ્ટેટ અને કેનેડામાં પાંચ માસના અભ્યાસ માટે મળ્યાની ખબર મળી છે. મી. નાયડુ નાટાલ યુનીવર્સીટીના પહેલા બીન-ગોરા ગ્રેજ્યુએટ હોય. ધી એમ. એલ. સુલતાન ટેકનીકલ કોલેજની ૧૯૪૬માં સ્થાપના થઇ ત્યારથી વાઇસ પ્રીન્સીપલ છે.

તદુપરાંત નાટાલ યુનીવર્સીટીમાં પાર્ટ ટાઇમ લેકચરર, એમ. એલ. સુલતાન ટેકનીકલ કોલેજની કમર્શીયલ સ્કુલના સેક્રેટરી અને નવી જ સ્થપાયેલી ઇન્ડીયન ટેકનીકલ ટીચર્સ એસોસીએશનના તથા ડરબનની હીંદી અને કલર્ડ જુવેનાઇલ એફેર્સ બોર્ડના છેલ્લા નવ વર્ષથી પ્રમુખ છે. શ્રીમતી નાયડુએ અમેરીકામાં બી. એ. ની ડીગ્રી મેળવી હતી અને ભારતમાં નર્સની કેળવણીનો તથા હોમ ઇકોનોમીકના ડીપલોમા મેળવેલા છે. અને સુલતાન ટેકનીકલ કોલેજનાં લાયબ્રેરીયન છે.

## લુંટ માટે બીજો દેહાંત

ગત નવેંબરની ૧૬મીએ રેન્ડફોંટીન ડીસ્ટ્રીકના વોટરપેન ફાર્મમાં એક ગોરાના ઘરમાં સાથી સહિત ધાડ પાડી ૮૨૦ પાઉંડ અને રીવોલ્વર તથા મોટર વગેરે ચોરવા માટે સીમોન મોલોઇ નામના આફ્રિકનને રેન્ડની ક્રીમીનલ સેશનમાં મી. જસ્ટીસ રમ્પફે ૩જી જુને દેહાંત દંડની શિક્ષા કરી છે. નવા કાયદા મુજબ આ બીજા કેસમાં દેહાંત દંડ થયો છે.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે યુનીયનના અને રોડેસીયાના કોઈ પણ ભાગમાં તમારે મુકામે આવી રસોઈ કરવાનો અમે કન્ટ્રાકટ લઈશું.

**કેપીટન્સ બાલ્કની હોટેલ**

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિકટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.



**ધીરૂભાઈ પી. નાયક**

બુકકીપર, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા ઘેર બેઠાં અમારી મારફતે બુકીંગ કરો.

જીંદગી, આગ, ચોરી, હુલ્લડ, અકસ્માત, પ્લેટગ્લાસ, વિગેરેના વીમા અમે ઉતરાવી આપીએ છીએ.

ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેવન્યુ ક્લીયરન્સ સર્ટીફીકેટ કે વેપારના લાયસેન્સો. પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને લગતી બાબતોમાં કંઈ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ.

નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને ચાર્ટર્શાયર ઈનસ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

**Phone : 33-9033. 26 Barkly Arcade,**

**Cor. 38, Market & Diagonal St., J'BURG.**



**તાજું ઉમદા ફ્રુટ**

આંબા અબાધ, લીલી અળદ, રતાળ અને સુરણની મોસમ ચાલુ છે. આદુ શી ૧-૩ રતલ, લસણ શી. ૨-૦ રતલ.

પાપડ નંબર ૧ શી. ૧૦, નંબર ૨ શી. ૮ ૧૦૦.

કપુરી અને ચેવલી પાન બજાર ભાવ, પોસ્ટેજ જુદું. બારકીટ ગોલ શી. ૧૦-૬ લાંબી અને સ્કવેર બારકીટ શી. ૧૧-૬ ડઝન.

રોડેસીયા, ન્યાસાલેન્ડ અને બેલજીયન કોંગોના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ વસ્તુ પરમીટ કઢાવી મોકલશું.

*All prices subject to Market fluctuations.*

**A. KADER & Co., (PTY) LTD.**

WHOLESALE FRUIT MERCHANTS

P. O. Box 251. DURBAN.



**ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!**

બેડરૂમ સુટ, ડાઈનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, તદન કીફાયત ભાવે ખરીદી શકશો. જાતે પધારી લાભ લેવા ચુકશો નહિ.

—બોકસ, ટેબલ અને કીચન ડ્રેસર—

જે હમારી દેખરેખ નીચે તઈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તઈયાર રહે છે. માત્ર રોકડા ભાવોના પ્રાઈસ લીસ્ટ મંગાવો અને વેપાર આગલ વધારો.

**L. MISTRY**

51 BREE STREET, BURGERSDORP, J'BURG.

PHONE 33-4691. BOX 2526.



હીંદની મોટામાં મોટી વિમાની કમ્પની તમારી સેવામાં

—ધી—

# ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ

કંપની લીમીટેડ

સાઉથ આફ્રિકાના એકજ મુખ્ય પ્રતિનિધિ

**રૂસ્તમજી જાલભાઈ રૂસ્તમજી**

૧૪૦ કવીન સ્ટ્રીટ,

**ડરબન — નાટાલ.**

સેવા અને નિર્ભયતા

માટે અમને મળો.

બધી જાતના વિમાઓ અમે ઉતારીએ છીએ.

પી. ઓ. બોકસ ૧૬૧૦.
રેસીડેન્સ : ૧૧૧ ઇલેવન્થ એવન્યુ,
ડરબન.

ટેલીફોન્સ:
ઓફીસ : ૨૫૮૪૫
રેસીડેન્સ : ૩૬૪૧૩.

# સામાજીક ખબરો

## ફ્રીનીકસની મુલાકાતે

મે ૩૧ શ્રી 'લહરિ' તથા શ્રીમતી પાર્વતિ લ. હરિભાઇ (ઇસ્ટલંડન) જુન. ૭ શ્રી નગીનભાઇ પી. હરગોવન તથા શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ પી. હરગોવન (ડરબન). જુન ૭ શ્રી સેના બીડ ગ્રોવર તથા શ્રીમતી ઇંદુશોભા ગ્રોવર (અમૃતસર વાસી) બ્રીટીશ ગાયના જતાં.

## સુધારો

ઇ. ઓ.ના તા. ૨૩–૫–૫૮ના અંક નાં ૧૯૩માં પાના પર સામાજીક ખબર વિભાગમાં "જલાલપોર નિવાસી હાલ ટ્રીચાર્ડના શ્રી પરભુભાઈ દાજી ભાઇના પુત્ર ચિ. રણુછોડભાઇનાં લગ્ન" છપાયેલું છે તેમાં નીચે પ્રમાણે સુધારો "શ્રી પરભુભાઈ દાજીભાઇના વડીલ પુત્ર શ્રી ભીખાભાઇના સુપુત્ર ચિ. રણુછોડભાઇ."

## સાહિત્ય સ્વીકાર

"ઇસપ અને તેની વાતો" ભાગ ૧–૨–૩ લેખક: મગનભાઇ પ્રભુદાસ દેસાઇ પ્રાપ્તિસ્થાન: નવજીવન કાર્યાલય અમદાવાદ ૧૪ કીંમત દરેકના ૪૦ નવા પૈસા. "માટી અને આરોગ્ય" સંગ્રાહક: શા છોટાલાલ ત્રીભોવનદાસ પ્રાપ્તિસ્થાન: શિશુ વિહાર, કૃષ્ણનગર, ભાવનગર કિ: પાંચ નવા પૈસા.

## સાભાર સ્વીકાર

શ્રી કુંવરજી ભગાભાઈ (લુરર્ટર) પા. ૨–૨–૦.

શ્રી ગુણુવંત લાલભાઈ માસ્ટર (ઇસ્ટલંડન) પા. ૨–૨–૦.

શ્રી કેવળભાઇ રણુછોડજી (સ્પ્રીંગ્સ) ચી. મોહનલાલના શુભ લગ્ન તા. ૨૧–૫–૫૮ના દિને ડરબનમાં થયેલા તે પ્રસંગની ભેટ પા. ૨–૨–૦.

શ્રી શંકરભાઇ જેરામભાઇ પટેલ (જોબર્ગ) ચિ. કંચનબેનનાં શુભ લગ્ન ઇસ્ટલંડન નિવાસી શ્રી લલ્લુભાઇ જેરામભાઈના સુપુત્ર ચિ. હરિભાઇ સાથે તા. ૧૬–૩–૫૮ના દિને થયેલ તે પ્રસંગની ભેટ. પા. ૫–૫–૦.

## બેથાલના સમાચાર

તા. ૩૧–૫–૫૮ના દિને એરમેલો, સ્ટાન્ડરટન, આર્મ્સ ફોર્ટ અને બેથાલ ની શાળાઓના વિદ્યાર્થીઓ તરફથી બેથાલમાં એક રમતગમતનો મેળાવડો યોજાયો હતો જેમાં ઇસ્ટર્ન ટ્રાંસવાલ ના ઘણા ભાઇ બહેનો બાળકો સાથે ઉપસ્થિત થયાં હતાં જુદી જુદી જાત ની રમતોની હરિફાઇમાં પ્રથમ આવનારાને ઇનામો અપાયાં હતા અને એરમેલો, સ્ટાન્ડરટન, બેથાલ પછી આર્મ્સ ફોર્ટની શાળાઓ અનુક્રમે આવી હતી.

બેથાલમાં ફુટબોલ, ક્રિકેટ આદિ રમતોની પ્રવૃત્તિ સારી હોય આજુ બાજુથી ઘણીવાર ટીમો રમવા આવે છે અને બેથાલની ટીમ બહાર પણ રમવા જાય છે તા. ૧–૬–૫૮ના દિને જોહાનીસબર્ગથી શ્રી પ્રજાપતિ આશ્રમ ની ફુટબોલ ટીમ બેથાલમાં રમી ગઇ હતી.

## નવસારીમાં મરણ

ડરબનના સ્વ. પરસોતમ વલ્લભભાઇ ના લઘુબંધુ શ્રી દુલભભાઇ વલ્લભભાઇ નું તા. ૩૧મી મે ૧૯૫૮ના દિને નવસારીમાં ૭૫ વર્ષની વયોવૃદ્ધ ઉમરે અચાનક અવસાન થયું છે. સદ્ગત આ દેશમાં લાંબો સમય ગાળી ગયેલા અને પાંચેક વર્ષથી સ્વદેશમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. તેમના કુટુંબીઓ પ્રત્યે ડરબન અને બહારથી મિત્રોએ તાર અને ટેલીફોન દ્વારા જે દિલસોજી દર્શાવી છે તે માટે તેમના પુત્ર શ્રી ભગવાનદાસ અને ભત્રીજા શ્રી જમના દાસ પરસોતમ હાર્દીક આભાર માને છે.

## અંભેટીમાં અવસાન

લુરર્ટરના સ્વ. ભગાભાઇ ફકીરજીનાં વયોવૃદ્ધ માતુશ્રી જીવીબેનનું સ્વદેશમાં અંભેટી ગામે ટુંક દિવસની માંદગી પછી તા. ૨૫–૫–૫૮ના દિને શાંતિ થી અવસાન થયું હતું. આ પ્રસંગે સ્વર્ગસ્થના સંબંધીઓ પ્રત્યે તાર ટપાલ દ્વારા દિલસોજી બતાવવા બદ્દલ સ્નેહિ અને મિત્રોનો શ્રી કુંવરજીભાઇ ભગાભાઇ હાર્દીક આભાર માને છે. પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ અર્પો.

## ઇસ્ટલંડનમાં અવસાન

અત્રેના જાણીતા શહેરી શ્રી લાલભાઈ ભાણાભાઇ માસ્ટરનું ટુંક માંદગી બાદ તા. ૫–૬–૫૮ના ગુરૂવારે શોકજનક અવસાન થયું હતું. એમની દફનક્રીયા તેજ દિવસે કરવામાં આવી હતી જેમાં શહેરની ગુજરાતી તેમજ અન્ય કોમોની વ્યકિતઓ ઉપરાંત પોર્ટ એલીઝાબેથના શહેરીઓએ પણ હાજરી આપી હતી.

સ્વર્ગસ્થ દક્ષિણ આફ્રિકામાં પ્રથમ પોર્ટ એલીઝાબેથમાં શિક્ષક તરીકે આવ્યા હતા, અને લાંબા સમય સુધી ત્યાંની ગુજરાતી શાળાનું સંચાલન કર્યું હતું. અને પછી ઇસ્ટલંડનની ગુજરાતી સ્કુલ દેશ જતાં સુધી ચલાવી હતી. સ્વદેશમાં એમની જ્ઞાતિમાં આગળ પડતો ભાગ લેતા અને એ જ્ઞાતીની એક પ્રતિષ્ઠિત વ્યકિત ગણાતી એઓ વાંસદા સ્ટેટના વતિન હોય ત્યાં ના રાજદરબારમાં પણ એમનું ઘણું માન જળવાતું અત્રેની પ્રથા અનુસાર રીંગના બદલે ઐચ્છિક દાન સ્વિકારવા માં આવેલ જેમાં પા. ૧૮–૦–૦ ઉપરની રકમ જમા થયેલ જે જુદી જુદી સંસ્થાઓ ઉપર મોકલી આપવા માં આવ્યા છે. સ્વર્ગસ્થ એમની પાછળ બહોળાં કુટુંબને ગમગીનીમાં મુકી ગયા છે. પરમાત્મા તેઓને આ શોક સહન કરવાની શકિત આપે અને સ્વર્ગસ્થના આત્માને શાંતિ બક્ષો.

## વિદાય સમારંભ

કેપટાઉની હીંદી જનતાની સેવામાં વર્ષોથી આગળ પડતો ભાગ લેનાર જાહેર કાર્યકર્તા શ્રી બાબરભાઇ ડી. ચાવડા (C.O.) સહ કુટુંબ સ્વદેશ



શ્રી બી. ડી. ચાવડા (આ સંસ્થાના એક ટ્રસ્ટી) અને જી. ડી. વાઘમારીયા

યાત્રા જતા હોવાથી તેમને વિદાયમાન આપવા શ્રી ક્ષત્રિય હીંદુ મિત્ર મંડળ અને શ્રી હીંદુ મહિલા મંડળના ઉપક્રમે તા. ૨૫–૫–૫૮ના દીને મોબ્રેના ટાઉન હોલમાં શ્રી ગોવીંદભાઇ ડી. વાઘમારી યાના અધ્યક્ષપદે એક મેળાવડો મળ્યો હતો. તેમણે શ્રી ચાવડાએ વર્ષોથી એક ધારી સેવા આપી સમાજમાં નવ જાગૃતિ અને સુસંસ્કાર રેડવાનું કરેલું સુંદર કાર્ય માટે આભાર માની પુષ્પ-હારથી શુભ સફર ઇચ્છી હતી અને શ્રી મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી વજીબાબેન મગનલાલે શ્રીમતિ અંગાબેન ચાવડા જેઓએ મંડળનાં ઉપ-પ્રમુખ હોય બજાવેલી સેવા માટે તથા શ્રી બાબરભાઇએ હમેંશાં આપેલી સારી દોરવણી માટે આભાર માની ફલગીથી નવાજી સફરની સફળતા ઇચ્છી હતી. શ્રી બાબરભાઇ ચાવડાએ ઉભય સંસ્થા ઓએ તેમની કરેલી કદર બદલ આભાર માની જે અલ્પ સેવા બની શકી તે કેવળ સ્થાનિક ભાઇઓ અને બહેનોના સહકારથી જ થઇ શકી છે શ્રીમતી અંગાબેન ચાવડાએ પણ ટુંક પ્રવચન થી આભાર દર્શાવી મલી સંપીને સેવા કાર્યને જ્વલંત રાખવા ભલામણ કરી હતી અંતમાં પાર્ટીનો ન્યાય અપાયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

## શ્રી કાઠીઆવાડ હીંદુ સેવા સમાજ

(નાટાલ)

વાર્ષીક સામાન્ય સભા

ઉપરોકત સંસ્થાની વાર્ષીક સામાન્ય સભા રવીવાર, તા. ૨૨ જુન ૧૯૫૮ ને દિવસે સવારે ૯ વાગે સમાજના હોલમાં મળશે.

દરેક સભ્યને વખતસર પધારવા વિનંતી છે. કાર્યસુચી નીચે પ્રમાણે રહેશે.

(૧) ગત વાર્ષીક સભાની કાર્યવાહી, (૨) વાર્ષીક કાર્ય–વિવરણ, (૩) વાર્ષીક નાણાકીય હેવાલ અને સરવૈયું, (૪) કરીઝ ફાઉંટનની જમીન ઉપરની યોજનાનો પ્રગતિ હેવાલ, (૫) પત્ર વ્યવહાર, (૬) નિધિપાલકો (ટ્રસ્ટીઓ) ની ચુંટણી, (૭) અધિકારીઓ, વ્યવસ્થાપક સમીતી અને ફોય નિરીક્ષક ની ચુંટણી, (૮) સામાન્ય.

ડૉ. એન. પી. દેશાઇ
પ્રમુખ

હીંમતલાલ હ. દુધેલીઆ
નૌતમલાલ વી. મહેતા
સંયુકત મંત્રીઓ


માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ

જાત જાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે ઉત્તમ જાતના ફુલન જર્સી, પુલોવર, કારડીગન્સ અને બચ્ચાઓ માટે—બુટીઝ, બીબ્સ, બ્લેન્કેટસ, શૉલ્સ; નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૩૪-૨૩૪૯ — બોકસ ૧૫૪૯.


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

## શું તમારી ચાવી ખોવાય છે?

**એમા શું**

**જરાપણ મુંઝાશો નહી**

તમે ખોવાય તે પહેલાજ બીજી ચાવી બનાવવા

**ટી. ડાહ્યા**

ફોન: ૨૩-૬૪૪૭ — ૧૮ ફ્રાનવેલોખ સ્ટ્રીટ, જોબર્ગ.

ને મળો અથવા ફોન કરો. તે તમારી ચાવીઓ ડુપ્લીકેટ બનાવી આપશે. આથી તમારી બધી ચીંતાનો અંત આવશે.

બહાર ગામના ઓડરો પર ધ્યાન અપાશે.

**ચાવીઓ! ચાવીઓ!! ચાવીઓ!!!**

મોટર કાર, કબાટ, નાઈટ લેચ, રીમ લોકસ વિગેરે બધી જાતની અમે કરીએ છીએ. એકવાર અજમાવી જુવો.

**નવા તાળાં જેવા જોઇએ તેવા મળશે.**

## માથે બાંધવાની રીબન અને વેણીઓ

મખમલ, સાટીન, ટાફેટા સીલ્કની, રીબન અનેક રંગ, ડીઝાઇન અને સાઈઝમાં મળશે, લગ્ન મંડપ અને મોટર શણગારવા જથ્થા બંધ મળી શકશે.

બચ્ચા માટે મખમલ, અને રેસમ તથા ફેલ્ટની ટોપીઓ કીફાયત ભાવે બનાવી આપવામાં આવશે.

અંબોડે બાંધવા મખમલ, રેસમ, કોટન વિગેરેના ફુલોની રંગ રંગની વેણીઓ અને અનેક પ્રકારના બ્રોચર્સ મળશે.

ઠેકાણું: **માબરો હેટ્સ (પ્રો.) લી.**

લેડીઝ એન્ડ ચીલ્ડરન હેટ મેન્યુફેક્ચરર,


ફોન: ૨૨૦૩૮૫ પહેલે માળે,

બોકસ ૧૦૮૫૭. મારટર મેન્સન્સ

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ.

## બી-આઇ

મુંબઇ કરાંચી અને ઇસ્ટ આફ્રીકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.



સ્ટીમર કરંજા ૩૦મી જુન ૧૯૫૮ના આવશે.

કરાંચી થઇ મુંબઇ જવા ૫મી જુલાઇ ૧૯૫૮ના ઉપડશે.

**મુંબઇ અથવા કરાચીનું ભાડું.**

| | | | | |
|---|---|---|---|---|
| ફર્સ્ટ કલાસ | એક | ખોરાક | વગર | પા. ૯૨-૦-૦ |
| સેકન્ડ કલાસ | ,, | ,, | ,, | પા. ૬૦-૧૫-૦ |
| થર્ડ કલાસ | ,, | ,, | ,, | પા. ૩૧-૧૦-૦ |

વધુ માહિતી માટે મળો યા લખો:

**શેખ હિમેદ એન્ડ સન્સ**

(પીટી લીમીટેડ.)

૩૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.

ટેલીફોન: ૨૦૪૩૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

# ધી કવીન્સલેન્ડ ઇન્સ્યુરન્સ કુંપની લીમીટેડ

૧૮૮૬માં ન્યુ સાઉથ વેલ્સમાં સ્થપાઈ છે

**આગ અકસ્માત તથા દરીયાઇ માલનો**

## — વિમો —

તેમજ બધી જાતના વિમાનું

કામ કરે છે.

**ખાસ હિંદી પ્રતીનીધી**

**શ્રીમતી તહેમી સોરાબજી રૂસ્તમજી**

વધુ વિગત માટે મળો અથવા લખો

૧૦૬ મેન્સફીલ્ડ રોડ — બોકસ નંબર ૪૭૬ — ડરબન.

ટેલીફોન નંબર ૪૭૪૫૩ અને ૪૭૯૮૮.


Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, (Phoenix) Private Bag, Durban, Natal.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor